# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ:૧૩-૧૦-૨૦૨૪ રવિવાર સમય: સવારે: ૬:૫૦**

## ગુજકો માર્ટનો પ્રારંભ:

રાજ્યની પહેલી સહકારી સુપર માર્કેટ ગુજકો માર્ટનો અમદાવાદમાં પ્રારંભ થયો છે.. ગુજરાત કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન, ગુજકોમાસોલ દ્વારા ગુજરાતના પ્રથમ સહકારી મોલ 'ગુજકો માર્ટ'ને ગઈકાલે ખુલ્લુ મુકાયું હતું.. વિકાસ સપ્તાહ દરમિયાન ગુજરાતમાં સહકારી સુપર માર્કેટ રિટેલ ચેઇનના વિકાસની દિશા ખૂલી છે..

આ નવી પહેલે ખેડૂતોની આવક બમણી કરવા માટે સહકારથી સમૃદ્ધિ સાધવાનો, ઓર્ગેનિક ધાન્ય, મીલેટને પ્રોત્સાહન આપવાનો તેમજ આત્મનિર્ભરતાનો રાહ ચીંધ્યો છે.. આ સ્ટોરને કારણે ઓર્ગેનિક ફાર્મ પ્રોડક્ટના માર્કેટિંગ અને સેલિંગ માટેનું એક કોમન પ્લેટફોર્મ ગુજકો માર્ટના માધ્યમથી ખેડૂતોને મળ્યુ છે. નાનાં- મોટાં નગરો અને મહાનગરોમાં સારા લોકેશન પર ગુજકો માર્ટ સુપર માર્કેટ શરૂ કરવાનું પણ ગુજકોમાસોલ દ્વારા આયોજન કરાયુ છે.

**આરતી ભટ્ટ**

---

## પી.એમ ગતી શક્તિ માસ્ટર પ્લાન:

મલ્ટી મોડલ કનેક્ટિવિટી માટે PM ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન આજે ત્રણ વર્ષ પૂરા કરી રહ્યો છે. આ માસ્ટર પ્લાન વિવિધ આર્થિક ઝોનને મલ્ટિમોડલ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવા માટે 2021 માં શરૂ કરવામાં આવ્યો હતો.PM ગતિશક્તિએ 44 કેન્દ્રીય મંત્રાલયો અને 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને માળખાકીય યોજનાના આયોજન અને અમલ માટે એકીકૃત કર્યા છે. તેણે વિવિધ મંત્રાલયોના 15 લાખ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના 208 મોટા-ટિકિટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરવાનું સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું છે.

**આરતી ભટ્ટ**

## પી.એમ ઇન્ટરશીપ     કી બાત અંગે સૂચનો :

ઓનલાઈન પોર્ટલ pminternship.mca.gov.in પર ગઈકાલથી પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ સ્કીમ માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે અને આ મહિનાની 25મી તારીખ સુધી ખુલ્લું રહેશે. સરકાર દ્વારા આ મહિનાની ત્રીજી તારીખે પ્રાયોગિક ધોરણે ઇન્ટર્નશિપ પોર્ટલ શરૂ કરાયું હતું.

પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના પોર્ટલ પર અત્યાર સુધીમાં 193 કંપનીઓ દ્વારા લગભગ 91 હજાર ઇન્ટર્નશિપની તકો પૂરી પાડવામાં આવી છે.

ઇન્ટર્નશિપની તકો પોસ્ટ કરવા માટે કંપનીઓ માટે પોર્ટલ ખોલવામાં આવ્યું હતું. પાયલોટ પ્રોજેક્ટનો કુલ ખર્ચ 800 કરોડ રૂપિયા હશે. સરકાર પાંચ વર્ષના સમયગાળામાં 21 થી 24 વર્ષની વયના એક કરોડ ઉમેદવારોને ઇન્ટર્નશીપ આપવાનું લક્ષ્ય ધરાવે છે. ઇન્ટર્નને 12 મહિના માટે 5,000 રૂપિયાની માસિક નાણાકીય સહાય અને 6,000 રૂપિયાની એક વખતની ગ્રાન્ટ મળશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 737 જિલ્લામાં આ તકો ઉપલબ્ધ છે. આ તકો તેલ, ગેસ અને ઊર્જા, મુસાફરી અને હોસ્પિટાલિટી, ઓટોમોટિવ અને બેંકિંગ અને નાણાકીય સેવાઓ સહિત 24 ક્ષેત્રોમાં ફેલાયેલી છે. ઉમેદવારો આજથી આ મહિનાની 25મી તારીખ સુધી પોર્ટલ દ્વારા ઇન્ટર્નશિપ માટે અરજી કરી શકશે. ઇન્ટર્નશિપનો સમયગાળો 12 મહિનાનો રહેશે.

**આરતી ભટ્ટ**

---

## વિકાસ સપ્તાહ

ગુજરાતમાં ૨૩ વર્ષના સુશાસને લઈને અનોખી ઉજવણી કરવામાં આવી રહી છે. સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહનું આયોજન તારીખ ૧૫ ઓક્ટોબર સુધી કરાયું છે. કચ્છના સ્મૃતિવન અને ક્રાંતીતીર્થ માંડવીને વિકાસ સપ્તાહના આઈકોનિક સ્થળની યાદીમાં સમાવિષ્ટ કરાયા છે.જીલ્લા ની શાળાઓમાં પણ વિવિધ પ્રવૃત્તિઓના આયોજન સાથે વિવિધ કાર્યકમો નું આયોજન કરવામ આવ્યું છે જેના ભાગરૂપે નિબંધ વક્તુત્વ અને રંગોળી સ્પર્ધા યોજીઈ રહી છે.

**આરતી ભટ્ટ**

---

## દશેરા વાહનો ની ખરીદી

દશેરાના તહેવારો  નવા વાહનોની ખરીદી વિશેષ કરવામાં આવે છે. જેમાં ગઈકાલે ગાંધીધામ,ભુજ સંકુલમાં 450 જેટલા નવા થ્રી- ચક્રી વાહન તેમજ 260 થી વધુ ફોરવીલ વાહનનું વેચાણ થયું હોવાના અહેવાલ છે ઇંધણના વધતા જતા ભાવને જોતા કેટલાક ગ્રાહકોએ ઇલેક્ટ્રોનિક વાહનો ઉપર પણ પસંદગી ઉતારી હતી

**આરતી ભટ્ટ**

---

## ગાય આધારિત ખેતી –શિબિર :

ભુજ તાલુકાના કુકમા ખાતે શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંગેના પ્રશિક્ષણ વર્ગનું આયોજન આજથી 15 ઓક્ટોબર એમ ત્રણ દિવસ કરવામાં આવ્યું છે.દરમ્યાન  જમીન સુપોષિત બનાવી, જંતુરોધક બનાવવું, ખડવિખંડ, પાણી, બીજ, મૂલ્યવર્ધન, માર્કેટિંગ અને ગાયના સર્વાંગી મહત્વ વગેરે અંગેના મુદ્દાઓનું માર્ગદર્શન વિવિધ જગ્યા દ્વારા આપવામાં આવશે.

**આરતી ભટ્ટ**

---

## વાતાવરણ

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં પલટાની સાથે વાદળો છવાયેલા રહ્યા છે. જેથી તાપમાનનો પારો ઘટતા ગરમીમાં રાહત જોવા મળી રહી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અરબી સમુદ્રમાં સર્જાયેલ હવાના  હળવા દબાણની  અસરથી વાતાવરણમાં આ પલટો આવ્યો છે તદુપરાંત ત્રણ દિવસ રાજ્યની સાથે જિલ્લામાં પણ કેટલાક સ્થળે વરસાદની આગાહી વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે હાલનું તાપમાન ભુજ 34 33 ડિગ્રી નલિયા 34.4 32 ડિગ્રી કંડલા એરપોર્ટ 32 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવ્યું હતું

**આરતી ભટ્ટ**

---